## વાલિયામાં શિક્ષક દંપતીના હત્યાકેસમાં પોલીસનું આરોપીને સાથે રાખીને ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન

**આર્થિક** સંકડામણમાં જમાઈએ ફુલપ્રૂફ પ્લાન બનાવ્યો, પરંતુ પોલીસે સીસીટીવી સહિતના પુરાવાના આધારે ઝડપી પાડ્યો

ભરૂચઃ વાલિયામાં શિક્ષક દંપતીના ચકચારી હત્યા કેસમાં પોલીસે હોળીના દિવસે હત્યારા જમાઈ વિવેક દુબેની હાજરીમાં ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

આરોપી વિવેક દુબેએ આર્થિક મુશ્કેલીઓના કારણે આ જઘન્ય અપરાધને અંજામ આપ્યો હતો. તેણે પૂર્વ આયોજિત યોજના મુજબ વ્યારાથી ગાંધીનગર જવાનું બહાનું બનાવ્યું હતું. રાત્રે તે ભરૂચના વાલિયામાં તેના સસરા જીતેન્દ્રસિંહ બોરાધરાના ઘરે પહોંચ્યો હતો, ત્યાં તેણે સસરા જીતેન્દ્રસિંહ અને સાસુ લતાબેનની હત્યા કરી રોકડા રૂપિયા અને દાગીનાની લૂંટ ચલાવી હતી.

ભરૂચ LCBની ટીમે શંકાના આધારે આરોપીની પૂછપરછ કરી હતી. કડક પૂછપરછમાં તેણે પોતાના સાસુ-સસરાની હત્યા કરી હોવાની સ્ફોટક કબૂલાત કરી હતી. કોર્ટે આરોપીના 10 દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા. હોળીના દિવસે વાલિયા પોલીસે આરોપીની હાજરીમાં ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું.

ઘટના બાદ પોલીસે પરિવારના તમામ સભ્યોને નિવેદન માટે બોલાવ્યા હતા. એ વખતે હત્યારાની પત્ની અને શિક્ષક દંપતીની દીકરી ઋત્વિકાએ નિવેદન આપ્યું હતું કે મંગળવારે રાત્રે 9.30 વાગ્યે તેમની મારી સાથે વાત થઈ હતી, એ પહેલા મારા પપ્પાએ (હત્યારો) પતિ વિવેક સાથે વાત કરી હતી. વિવેકે વાલિયા ખાતે સાસરીયાનાં ઘરેથી દોઢેક કિમી દૂર કાર પાર્ક કરી હતી. પોલીસે 130 જેટલા CCTV કેમેરા તપાસતા એક ફૂટેજમાં તે દેખાતા શંકાનાં દાયરામાં આવી ગયો હતો.

## અંકલેશ્વરમાં ખુશીનો રંગ: નગરપાલિકાને 'A' ગ્રેડ

**અંકલેશ્વર** પાલિકા બ વર્ગમાંથી હવે અ વર્ગમાં આવતાં પાલિકા વિસ્તારમાં વિકાસનાં કામોની ગ્રાન્ટમાં વધારો થશે

### સરકારની નવીનતમ યોજનાઓનો લાભ મળશે

આ અંગે નગર સેવાસદનના ચીફ ઓફિસર કેશવ કોલડિયાએ જણાવ્યું હતું કે, વસતીના ધોરણે બ વર્ગમાંથી અંકલેશ્વર પાલિકાને અ વર્ગમાં અપગ્રેડ કરવામાં આવી છે. જેને લઈ અંકલેશ્વર પાલિકા વિસ્તારમાં ફાયદો થશે. ગ્રાન્ટમાં વધારો તેમજ સરકારની નવીનતમ યોજનાઓનો લાભ મળશે.

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર નગરપાલિકાને બી ગ્રેડની નગરપાલિકામાંથી સરકારે એ વર્ગની પાલિકામાં સમાવેશ કરાતાં આગામી સમયમાં વધુ વિકાસ માટેની નાણાકીય ફાળવણી થશે.

ભરૂચ જિલ્લામાં આવેલી ચાર નગરપાલિકા પૈકી અંકલેશ્વર નગરપાલિકાનો અ વર્ગમાં સમાવેશ કરવામાં આવતાં હવે રાજ્ય સરકાર દ્વારા મળતી ગ્રાન્ટમાં વધારો થશે અને નગરજનોના હિતને લગતા વિકાસનાં કામો માટે વધુ નાણાકીય ગ્રાન્ટનો લાભ મળશે. તેમજ કર્મચારીઓના મહેકમમાં પણ વધારો થશે. રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ વર્ષ અંતર્ગત રાજ્યની તમામ નગરપાલિકાને તેની વસતી આધારે વર્ગીકૃત કરી ગત તા.10મી માર્ચના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં અ વર્ગની નગરપાલિકામાં 22 પાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેના માપદંડમાં અંકલેશ્વર પાલિકાની વસતી 1 લાખ ઉપરની હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે અને તેના જાહેરનામા સાથે ગેઝેટ બહાર પાડવામાં આવ્યું છે. વર્ષ-2011ની વસતી ગણતરી મુજબ અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારની અંદાજે 78 હજારની માનવ વસતી નોંધાઈ હતી.

અંકલેશ્વર પાલિકા બ વર્ગમાંથી હવે અ વર્ગમાં આવતાં પાલિકા વિસ્તારમાં વિકાસનાં કામોની ગ્રાન્ટમાં વધારો થશે. મુખ્યમંત્રી શહેરી વિકાસ સહિતની યોજનાઓમાં રાજ્ય સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટમાં વધારો કરવામાં આવશે. જેનાથી વિકાસનાં કામો સરળતાથી થઈ શકશે. ઉપરાંત મહેકમમાં પણ વધારો થશે અને કર્મચારીઓના પગારમાં પણ વધારો કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં આવેલી તમામ ચાર નગરપાલિકા પૈકી ભરૂચ અને અંકલેશ્વર અ વર્ગમાં તેમજ જંબુસર બ વર્ગ અને આમોદ નગરપાલિકાનો ડ વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલા માત્ર ભરૂચ નગરપાલિકા જ અ વર્ગમાં સમાવિષ્ટ હતી.

## ઉકાઈ નહેરમાં ઝેરી કેમિકલ ઠાલવનારા 5 આરોપીનાં જામીન રદ

**કેમિકલ** માફિયાઓ સામે મહત્ત્વની કાર્યવાહી

ભરૂચઃ બાકરોલ નજીક ઉકાઈ જમણા કાંઠાની નહેરમાં કેમિકલ વેસ્ટ ઠાલવવાના ગંભીર કેસમાં 5 આરોપીનાં જામીન રદ થયા હતા. આ કેસમાં ક્યુવી લેબોરેટરી કંપનીના બે માલિક સહિત 3 લોકો હજુ ફરાર છે. અંકલેશ્વર શહેર અને જીઆઈડીસીના એક લાખથી વધુ લોકોને પીવાનું પાણી પૂરું પાડતી ઉકાઈ નહેરમાં જોખમી કેમિકલ ઠલવાયું હતું. આ કારણે ત્રણ દિવસ સુધી શહેર અને જીઆઈડીસીમાં પાણી પુરવઠો બંધ રાખવાની નોબત આવી હતી. પોલીસ તપાસમાં વિગતો સામે આવી હતી કે, કંપનીના માલિક પ્રવીણ શાહ અને અજિત શાહ વિદેશથી ઝૂમ મીટિંગ દ્વારા કેમિકલ નિકાલની ગાઈડલાઈન આપતા હતા. પોલીસે જનરલ મેનેજર કૃપેશ પટેલ, મેનેજર ચિંતન ચૌહાણ, માલિકના પુત્ર વેદાંત શાહ અને બે કેમિકલ માફિયાઓની ધરપકડ કરી હતી. કોર્ટમાં સરકારી વકીલ પરેશ પંડ્યાએ જોખમી કેમિકલના રિપોર્ટ અને આરોપીઓના ભૂતકાળની વિગતો સુનાવણીમાં રજૂ કરી હતી. જેને લઈ લઈ કોર્ટે આરોપીઓનાં જામીન રદ કર્યાં હતાં. પોલીસે કેમિકલ વેસ્ટ નિકાલમાં કૌભાંડમાં સંડોવાયેલા વોન્ટેડ ત્રણ આરોપીને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં 16 માર્ચથી આંતર રાજ્ય બિરસા મુંડા ટ્રોફી T-20 ક્રિકેટ ટુર્નામેન્ટ




બારડોલીઃ બારડોલીના સરદાર પટેલ સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે 16થી 25 માર્ચ દરમિયાન ડ્રીમ્સ બિગ સ્પોર્ટ્સ દ્વારા પ્રથમ વખત આંતર રાજ્ય બિરસા મુંડા ટ્રોફી T-20 સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ યુવા અને ગ્રામીણ વિસ્તારના ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહન આપવાનો છે. ટુર્નામેન્ટ કન્વીનર બારડોલી સાંસદ પ્રભુ વસાવાએ જણાવ્યું હતું કે, આ રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં ગુજરાત, લખનૌ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડ સહિત 6 રાજ્યોની ટીમો ભાગ લેશે. વિજેતા ટીમને રૂ. 5 લાખ, રનર્સ અપ ટીમને રૂ. 2.50 લાખ અને મેન ઓફ ધ સિરીઝને રૂ. 51 હજારનું ઇનામ આપવામાં આવશે. દરેક મેચના મેન ઓફ ધ મેચને પણ રૂ. 5 હજારનું ઇનામ અપાશે. ડીબી સ્પોર્ટ્સના ડિરેક્ટર સમીર સિદીકી અને મિહિર વસાવા દ્વારા ટુર્નામેન્ટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

### ચોટીલા ઉત્સવ-2025માં બારડોલીના કલાકારોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



બારડોલીઃ સુરેન્દ્રનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચોટીલા ખાતે શ્રીચામુંડા માતાજી મંદિર તળેટી પાર્કિંગ પ્લોટ ખાતે આયોજિત બેદિવસીય "ચોટીલા ઉત્સવ"નું રંગેચંગે સમાપન થયું હતું. આ ઉત્સવમાં બારડોલીના ત્વિષા વ્યાસ અને તેમની ટીમે ચંડમુંડ અસુરોનો સંહાર કરતી મા ચામુંડાની નૃત્ય નાટિકા રજૂ કરી હતી, જેણે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ત્વિષા વ્યાસે વાયોલિન કલાની અદભૂત પ્રસ્તુતિ થકી લોકોને ભાવવિભોર કર્યા હતા. તેમની સાથે અવનિ, દૃષ્ટિ, મમતા, જાનશી, ઈશા, મયૂરી, રાધા, કેશવી સર્વેએ અદભૂત કલા નિપૂણતા બતાવી હતી.

## ખોલવડમાં ક્રિકેટના ઝઘડામાં બાળકના પિતા, દાદી અને કાકા પર બેટથી હુમલો

**'તારો** છોકરો ક્રિકેટ રમતાં રમતાં નાનાં બાળકોને પાડી નાંખે છે' કહી ઝઘડો કર્યો

કામરેજઃ ખોલવડમાં બાળકોના ક્રિકેટ રમવાના ઝઘડામાં એક બાળકના પિતાએ બીજા બાળકના પિતા, કાકા અને દાદીને બેટથી માર મારી લોહીલુહાણ કરી મૂક્યા હતા. મૂળ દીવના વતની અને હાલ કામરેજના ખોલવડમાં ગોકુલનગરમાં આવેલા ગુરુ આશિષ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.507માં ચિરાગ નટુભાઈ ગોહિલ પરિવારમાં પત્ની, માતા ભાનુબેન, ભાઈ ચેતન, બે સંતાન ધર્મ અને ધ્રુવ સાથે રહે છે. ત્રણ દિવસ અગાઉ એપાર્ટમેન્ટની પાસે આવેલા શ્રીપાદ એપાર્ટમેન્ટ સામે ચિરાગભાઈનો પુત્ર ધર્મ બીજા બાળકો સાથે સાંજે ક્રિકેટ રમતો હતો. થોડીવારમાં ચિરાગભાઈ ફ્લેટની પાસે રાહુલસિંહ અજીતસિંહ નકુમ (રહે.,શ્રીપાદ એપાર્ટમેન્ટ, ખોલવડ, મૂળ રહે., પાલીતાણા, જિ.ભાવનગર) આવી તું ધર્મનો બાપ છો. તારો છોકરો ક્રિકેટ રમતાં રમતાં નાનાં બાળકોને પાડી નાંખે છે. જેથી તું તારા છોકરાને સમજાવ. તેવી વાત કરતાં નાનાં બાળકો રમતાં રમતાં એકબીજા સાથે બોલે તો ધ્યાન ના આપવાનું હોય તેમ કહેતાં જ રાહુલસિંહ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગ્યો હતો. બાદ એપાર્ટમેન્ટમાં નીચે જઈ પણ ગાળો બોલતાં ચિરાગના ભાઈ અને માતા રાહુલસિંહને સમજાવવાની કોશિશ કરતાં ફરીવાર ગાળો બોલી ચિરાગને મારવા લાગતાં માતા અને ભાઈ બચાવવા જતાં રાહુલસિંહે લાકડાની બેટથી ચિરાગ, માતા ભાનુબેન અને ભાઈ ચેતનને માર મારી લોહીલુહાણ કરી મૂક્યા હતા. જે અંગે કામરેજ પોલીસમથકમાં રાહુલસિંહ સામે ફરિયાદ નોંધાવી હતી.

### ઝંખવાવનો ગૌવંશના ગુનાનો ફરાર આરોપી ઝડપાયો

પલસાણાઃ સુરત જિલ્લા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે તેમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ગૌવંશના ગુનામાં વોન્ટેડ આરોપી મોસીન કાળુ મુલતાની હાલમાં ફેદરિયા ચોકડી ખાતે હાજર છે. બાતમીમાં જણાવ્યા અનુસાર, આરોપીએ ગ્રે કલરનો લાંબી બાયનો પઠાણી સૂટ પહેર્યો હતો. બાતમીના આધારે એલસીબીની ટીમે ફેદરિયા રસ્તા પર વોચ ગોઠવી હતી. વર્ણન મુજબનો ઈસમ દેખાતા જ પોલીસે તેને કોર્ડન કરીને પકડી લીધો હતો. આરોપીની ઓળખ મોસીન કાળુ મુલતાની તરીકે થઈ છે, જે ઝંખવાવનો રહેવાસી છે. પોલીસે મોસીન મુલતાની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને તેનો કબજો માંડવી પોલીસને સોંપવામાં આવ્યો છે. માંડવી પોલીસ હવે આ કેસમાં આગળની તપાસ કરશે.



### મહિલા સશક્તિકરણ થકી બુહારી સાચા અર્થમાં સ્માર્ટ વિલેજ છેઃ સૂરજ દેસાઈ

**બુહારીમાં** મહિલા રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગોલ્ડન ઇલેવન વિજેતા

વ્યારાઃ તાપીના સ્માર્ટ વિલેજ બુહારી ખાતે ઉપસરપંચ સૂરજ દેસાઈ દ્વારા 4 માર્ચથી આયોજિત મહિલા રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં 27 મહિલા ક્રિકેટ ટીમે ભાગ લીધો હતો, જેની ફાઈનલ મેચ 12 માર્ચે બુહારીના બલ્લુકાકા સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં વાલોડ મહિલા પોલીસ ટીમે પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સૂરજ દેસાઈએ જણાવ્યું હતું કે, નારી સન્માન, મહિલા સશક્તિકરણના ઉમદા આશયથી બુહારી સાચા અર્થમાં સ્માર્ટ વિલેજ છે. મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટની ભવ્ય શરૂઆત બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈ, પ્રાચી દેસાઈ અને હિદય દેસાઈના હસ્તે કરવામાં આવી હતી. બુધવારે પ્રથમ સેમિ ફાઈનલમાં મહાકાલ ઈલેવન બુહારી સામે ગોલ્ડન ઈલેવન પેલાડ બુહારી વિજેતા બની હતી. બીજી સેમિ ફાઈનલ ભારત ગ્રુપ બુહારી અને પૂર્ણ ઈલેવન બુહારી વચ્ચે યોજાઈ હતી, જેમાં પૂર્ણ ઈલેવન વિજેતા બની હતી. ફાઈનલ મેચ ગોલ્ડન ઈલેવન અને પૂર્ણા ઈલેવન વચ્ચે યોજાઈ હતી. ગોલ્ડન ઈલેવને 5 ઓવરમાં 40 રનનો લક્ષ્યાંક પૂર્ણ કરી જીત મેળવી હતી. અંતે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ કેની પટેલ, બેસ્ટ બેટર કેની પટેલ, બેસ્ટ બોલર મનીષા રાઠોડ, બેસ્ટ ફિલ્ડર કુકી પટેલ બની હતી. આ તમામને પ્રાચી દેસાઈના હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. વિજેતા ટીમને 51,000 રોકડ પુરસ્કાર અને ટ્રોફી સૂરજ દેસાઈના હસ્તે એનાયત કરાઈ હતી. તો રનર્સઅપ ટીમને 25,000 રોકડ અને ટ્રોફી એનાયત કરાઈ હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં અમ્પાયર તરીકે ઉર્વી ચૌધરી અને કિંજલ ચૌધરીએ સેવા આપી હતી. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા ભાવેશ ભંડારી, બીપીન ભંડારી, યશ ધીવર, શનિ ભંડારી, ભૂમિન દેસાઈ, મહેન્દ્ર ધીવર, વિરૂ રાઠોડ, જય ભંડારી, મહારાજભાઈ, વિરેન્દ્ર ગુપ્તા, રાકેશ (ગુલો) ભંડારી અલ્પેશ ભંડારી, રાકેશ ચૌહાણ, દિલીપભાઈ, હિતેશ પટેલ સહિતના યુવાનોએ ખૂબ મહેનત ઉઠાવી હતી.

## હોળીમાં નશાના કારોબારને 'રંગીન' બનાવવા પ્રયાસઃ ભરૂચ જિલ્લામાં પોલીસ દોડતી રહી

**ભરૂચ** LCB પોલીસની કાર્યવાહીઃ કોસમડીમાં ફ્રીજમાં દારૂ સ્ટોરેજ કરાયો હતો

**નેત્રંગના** મોવી ગામે દુકાનમાંથી દારૂ ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ, ઝઘડિયા, નેત્રંગઃ હોળી-ધૂળેટી પર્વને ધ્યાને લેતા ભરૂચ LCB પોલીસે બે સ્થળોએ પ્રોહિબિશન અંગેની રેઇડ કરતાં એક મહિલા સહિત બે બુટલેગરની દારૂના જથ્થા સાથે અટકાયત કરી હતી.

ભરૂચ LCB પોલીસની ટીમને બાતમી મળી હતી કે, અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં કોસમડી ગામની હદમાં આવેલ સેન્ટોસા ગ્રીનસીટી સોસાયટીના પોતાના ઘરમાં સ્મિતા લક્ષ્મણ વસાવા ઈંગ્લિશ દારૂનો જથ્થો લાવી સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે તેવી બાતમીના આધારે રેઇડ કરતાં પોલીસને ઘરના રસોડામાં તથા ફ્રીજમાંથી 180 બોટલ મળી કુલ રૂ.50490 મત્તાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે મહિલાની અટકાયત કરી હતી. પોલીસે આ ગુનામાં લક્ષ્મણ મંગુ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

અન્ય એક બાતમી મુજબ ભરૂચ LCB પોલીસે અંકલેશ્વરના ફાંસી ફળિયામાં ગાયત્રી મંદિરની સામે એક મીણીયા થેલામાં દારૂનો જથ્થો લઇ ઊભા રહેલા કિશન જેન્તી વસાવાને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી પોલીસે દારૂ નાની બોટલ નંગ-22 કિં.રૂ.3800ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ગુનામાં પોલીસે તેના સાગરિત સમીર સિકંદર પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો.

જ્યારે ઝઘડિયા GIDC પોલીસને જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં વેળા બાતમી મળી હતી કે દધેડા ગામે રહેતો રવિ સરાદભાઇ વસાવા તેના ઘર પાસે ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરે છે. પોલીસે બાતમીના આધારે રેડ કરતાં આ શખ્સ એક મીણીયા થેલામાં વિદેશી દારૂની બોટલો રાખીને વેચતો જોવા મળ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ એક મોબાઇલ મળી કુલ રૂ.8062ની મત્તાના મુદ્દામાલ સાથે દધેડાના બુટલેગર રવિ વસાવા સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

નેત્રંગ પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, મોવી ગામે પેટ્રોલ પંપની બાજુમાં રહેતો હનેશ જેઠા વસાવાના ઘરની આગળ આવેલી દુકાનના આગળના ભાગે હસમુખ ધનીયા વસાવા (રહે.,બિતાડા) ઈંગ્લિશ દારૂની બોટલ રાખી છૂટક વેચાણ કરી રહ્યો છે. આથી રેડ કરતાં હનેશ હાજર મળી આવ્યો હતો. જેને લઈ તપાસ કરતાં દુકાનના કાઉન્ટર પાસેથી એક થેલીમાંથી રૂ.૯૦૦નો મુદ્દામાલ મળ્યો હતો. તો હસમુખને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### અંકલેશ્વરમાં દારૂ વેચતો બુટલેગર ઝડપાયો

ભરૂચ, અંકલેશ્વરઃ ભરૂચ એલસીબી પોલીસ ટુકડીને બાતમી મળી હતી કે, અંકલેશ્વર ભાંગવાડ ખાતે રહેતા હરેશ પરભુ વસાવાએ પોતાના ઘર પાસે ઈંગ્લિશ દારૂનો જથ્થો છુપાવી રાખ્યો છે. બાતમીના આધારે રેઇડ કરતાં કિં.રૂ.8916નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બુટલેગરના મળતીયા સુજલ સંતોષ વસાવા પાસેથી તેનો મોબાઈલ કિં.રૂ.1 લાખ મળી કુલ કિં. રૂ.૧,૦૮,૯૧૧ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી. પોલીસે બુટલેગર હરેશ પરભુ વસાવા તેમજ વિશાલ ભરત વસાવાને આ ગુનામાં વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ અર્થે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.

### અંકલેશ્વરની ડમ્પિંગ સાઈટ નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, સ્વિફ્ટ ડિઝાયર ગાડી વિદેશી દારૂનો જથ્થો ભરી આંબોલી રોડ ઉપર સુકાવલી ડમ્પિંગ સાઈડ પાસે આવનાર છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી એક કાર અટકાવતાં દારૂની 24 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.16 હજારનો દારૂ અને એક ફોન તેમજ 2 લાખની ગાડી મળી કુલ રૂ.2.21 લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ ભરૂચના મકતમપુર ગામના પટેલ ફળિયામાં રહેતા બુટલેગર ધર્મેશ ભગવાન પટેલને ઝડપી પાડ્યો હતો. આ જથ્થો ચિરાગ ઉર્ફે કાળિયો દીપક પ્રજાપતિ આપી ગયો હોવાની કબૂલાત કરી હતી અને દારૂ ભરૂચના દર્શન મહેશ વસાવાને આપવાનો હોવાનું જણાવ્યું હતું.

## અંકલેશ્વરમાં વીજ કંપનીના સ્માર્ટ મીટર સામે લોકોનો વિરોધ

**અધિકારીઓએ** દોડી આવી સ્પષ્ટતા કરી

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર્સ લગાવાતાં વીજ ગ્રાહકો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

અંકલેશ્વર શહેરના કેવલ શોપિંગ સેન્ટર વિસ્તારમાં ડીજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર્સની લગાવવામાં આવી રહ્યાં છે. આ અંગે સ્થાનિક લોકોમાં મીટરના પ્રકાર વિશે કેટલીક ગેરસમજ ઊભી થઈ હતી. ખાસ કરીને અનેક લોકો સ્માર્ટમીટર અને પ્રીપેડ મીટર વચ્ચે ભૂલ કરી રહ્યા હતા. જેને લઈને તેમણે મીટર ન લગાવવા માટે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધનો સામનો કરવો પડતાં ડીજીવીસીએલના અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને તેઓએ લોકોને સ્માર્ટ મીટર અને પ્રીપેડ મીટર વચ્ચેના તફાવત વિશે માહિતી આપી હતી. વીજ કંપનીની સ્પષ્ટતા બાદ લોકોનો રોષ થોડો શમ્યો હતો. આ અંગે ડીજીવીસીએલના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ મીટર આધુનિક છે. ગ્રાહકો સ્માર્ટફોન પર તેના એપ્લિકેશનને ડાઉનલોડ કરીને, પોતાનો વિદ્યુત વપરાશ, બાકી બિલ અને બીજી મહત્ત્વપૂર્ણ વિગતો ચેક કરી શકે છે. અંકલેશ્વરમાં 2000થી વધુ સ્માર્ટ મીટર્સ લગાવાઈ ચૂક્યાં છે અને આ પ્રક્રિયા ચાલુ છે.

તા.15મી માર્ચે ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે શ્રેયસ દેસાઈએ ગ્રાહકો માટે અનેક મહત્ત્વની બાબતો જણાવી

## ગ્રાહકને અન્યાય થયાનું લાગે તો તુરંત ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ કરવી જોઇએ: શ્રેયસ દેસાઈ

**35 વર્ષથી** ગ્રાહક સુરક્ષાના કેસો લડતા નિષ્ણાંત વકીલ શ્રેયસ દેસાઈની ગ્રાહકોને જાગૃત થવા અપીલ


એડવોકેટ ઈશાન દેસાઈ


એડવોકેટ શ્રેયસ દેસાઈ


એડવોકેટ પ્રાચી દેસાઈ

સુરતઃ વિશ્વમાં દર 15મી માર્ચે વિશ્વ ગ્રાહક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સુરતમાં જો ગ્રાહક સુરક્ષાની વાત કરવામાં આવે તો ગ્રાહકોના સંકટમોચન સમાન એડવોકેટ શ્રેયસ દેસાઈની વાત કરવી પડે. છેલ્લા 43 વર્ષથી વકીલાતના વ્યવસાયમાં કાર્યરત શ્રેયસ દેસાઈએ 35 વર્ષ તો ગ્રાહક સુરક્ષાના કેસો લડવામાં જ કાઢ્યા છે. અડધો ડઝનથી પણ વધુ કાયદા વિષયક પુસ્તકોના લેખક અને 30 વર્ષથી અખબારોમાં કોલમ લખનાર શ્રેયસ દેસાઈએ ગ્રાહક સુરક્ષા વિશે અનેક જરૂરી માહિતી આપી હતી.

**સવાલઃ** ગ્રાહકો કેવી રીતે પોતાની સુરક્ષા કરી શકે છે?

**જવાબઃ** ગ્રાહકોએ પોતાના હકો માટે જાગૃત રહેવાની જરૂરીયાત છે. જો ક્યાંય અન્યાય થયાનું લાગે તો તુરંત વકીલ મારફત યા જાતે ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી શકે છે. હાલમાં ગ્રાહક કમિશનમાં ઈન્સ્યુરન્સ સેવાઓ, બેંકિંગ સેવાઓ, બિલ્ડર્સ વિ. સંબંધિત ફરિયાદો વધુ પ્રમાણમાં આવી રહી છે.

**સવાલઃ** તમારી કોર ટીમ વિશે જણાવશો?

**જવાબઃ** મારી પુત્રી પ્રાચી અર્પિત દેસાઈ લીગલ ડ્રાફ્ટિંગ અને પ્લીડીંગમાં સારી નિપુણતા ધરાવે છે. ઓફિસની આશરે 70 ટકા ફરિયાદો પ્રાચી જ તૈયાર કરે છે. મારા જમાઈ અર્પિત દેસાઈ ટેક્સેશન સંબંધિત કેસ અને બેંકોના ઓડિટના કામ કરે છે. જ્યારે મારી પત્ની દીપ્તી દેસાઈ ઓફિસનું મેનેજમેન્ટ સંભાળે છે. મારો પુત્ર ઈશાન દેસાઈ રિસર્ચનો શોખ ધરાવે છે અને સુપ્રીમ કોર્ટ તથા નેશનલ કમિશન અને સ્ટેટ કમિશનના હજારો કેસની ડેટાબેંક ધરાવે છે. મારી પુત્રવધુ વિધિ બેન્કોના ટાઈટલ ઈન્વેસ્ટિગેશન સંબંધિત કામ કરે છે. અન્ય 6 જુનિયર્સ પણ છે. તથા ગુજરાત સ્ટેટ કમિશન (અમદાવાદ) તથા નેશનલ કમિશન (ન્યુ દિલ્હી)માં એસોસીએટ એડવોકેટ્સ છે. એટલે આખા ડેડિકેટેડ નેટવર્કનો ગ્રાહકોને લાભ મળી જાય છે.

**સવાલઃ** તમારી સફળતાનો શ્રેય કોને આપશો?

**જવાબઃ** મારી સફળતાનો શ્રેય હું મારા પરિવારને આપીશ. અમારા દેસાઈ પરિવારે આજદિન સુધીમાં ગ્રાહક કમિશનોમાં આશરે 10 હજાર કેસ ચલાવ્યા છે. 2024ના વર્ષમાં સુરત જિલ્લા ગ્રાહક કમિશનોમાં અમે 400 ફરિયાદનું નિવારણ કર્યું છે. જેમાં 93 ટકા કેસમાં અમને સફળતા મળી છે.

Milano
MULTIPLEX
બારડોલી
All The Best Pandya - Gujarati
11:00am, 02:00pm, 05:30pm, 09:30pm
Chhaava
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

મહે.માંગરોલના મુખ્ય સીનીયર સિવિલ જજ અને એ.સી.જે.એમ. સાહેબશ્રી કોર્ટમાં મું-માંગરોલ
રે.દિ.મુકદમા નં.-૫૫/૨૦૨૪

અરજદારઃ- જ્યોત્સનાબેન તે હેમંતભાઈ પરમાર ની પત્ની, રહે. નવી વસાહતો, પરમાર ફળિયુ, રેલ્વે સ્ટેશન પાસે પાનોલી, તા-અંકલેશ્વર, જીલ્લો-ભરૂચ.
વ.શ્રી. ડી. પી. પટેલ

વિરૂધ્ધ

સામાવાળાઃ-કોઈ નહી.

::: જાહેરનોટીસ :::

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, સદર કામના વાદીના પતિશ્રી નામે હેમંતભાઈ નટવરભાઈ પરમાર નાઓ તા.૨૩/૦૧/૨૦૦૮ ના રોજ ગુમ થયેલ છે તેમની અનેક રીતે તપાસ કરી શોધવાનો પ્રયત્ન કરતા કોઈ ભાળ મળતી નથી અને પંદર વર્ષ ઉપરાંત થી તેમની કોઈપણ જાણકારી મળતી ના હોવાથી તેઓ ગુમ થયેલ હોવાને કારણે તેમનું લીગલ ડેથ જાહેર કરવા અત્રેની કોર્ટમાં તા.૧૨/૦૬/૨૦૨૪ દાવો કરેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તા-૦૪/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૦:૩૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી વિરુધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.ડી મકવાણા) આસિસ્ટન્ટ સિવિલ કોર્ટ,માંગરોલ. | મુકાબલ કરનાર ઈ.ચા(જે.ડી મકવાણા.આસી) સુપ્રિટેન્ડન્ટ સિવિલ કોર્ટ,માંગરોલ. | કોર્ટનો સિક્કો | હુકમથી ઈ.ચા(એસ.વી. કેજડીયા) રજીસ્ટાર સિવિલ કોર્ટ,માંગરોલ.

### ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ.

રજીસ્ટર ઓફીસઃ ઉપલી બજાર, બારડોલી-૩૯૪૬૦૧, જી-સુરત.
ફોનઃ (૦૨૬૨૨) ૨૨૦૨૩૮, Email id: ceo@bardolinagrikbank.com

**નોટીસ**

બેંકના માનવંતા તમામ વ્યક્તિગત ગ્રાહકોને જણાવવાનું કે જે ગ્રાહકોએ PAN-AADHAR લીંક કરાવેલ નથી તેવાં ગ્રાહકોના PAN નું સ્ટેટસ ઇન્કમટેક્ષ વિભાગ દ્વારા In-operative કરવામાં આવેલ છે જેની નોંધ લેશો. In-operative PAN સ્ટેટસ ધરાવતાં ગ્રાહકોને બેંક તરફથી ચુકવાતા મુદતી થાપણો ઉપરના વ્યાજ ઉપર ઇન્કમટેક્ષના કાયદાને આધીન ૧૦% ના બદલે ૨૦% ના હાયર રેટથી TDS કપાત થશે. આમ જે વ્યક્તિગત ગ્રાહકોએ PAN-AADHAR લીંક કરાવેલ નથી, તેઓએ તા. ૨૫/૦૩/૨૦૨૫ સુધીમાં સત્વરે લીંક કરાવી જે તે શાખામાં PAN-AADHAR લીંક કરાવ્યાની જાણ કરવી. જે ગ્રાહકોનો PAN-AADHAR લીંક થઈ ગયેલ હોય તેઓએ શાખામાં જાણ કરવાની જરૂર નથી.

તા. ૧૩/૦૩/૨૦૨૫ મેનેજીંગ ડીરેક્ટર